ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# બાપુના સમસંવેદના સંમેલનની ઘોષણાથી રાજકારણમાં ગરમાવો

**ભાજપમાં મનદુ:ખનો પ્રારંભ ૧૯૯૦માં થયો હતો કોંગ્રેસમાં ગોધરા-સાબરકાંઠાના પરાજયથી લાગણી તીવ્ર રીતે ઘવાઈ હતી : પાંચ દાયકા સુધી રાજકરણ અને ગુજરાતના ગામોને ઘમરોળનાર બાપુના સમસંવેદના સંમેલનથી રાજકારણમાં ગરમાવો**

ગાંધીનગર, તા. ૧૮

૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી પૂર્વે અને ૭૭મી વર્ષગાંઠે મહાત્મા મંદિરમાં રાજ્યના આક્રમક નીડર-લીડર ગણાતા શંકરસિંહ વાઘેલાએ સમ સંમેવદના સંમેલન યોજવાની



કરેલી ઘોષણાએ આજે રાજ્યના રાજકારણમાં વધુ એક વખત ખળભળાટ મચાવ્યો છે.

બાપુની આ જાહેરાત પછી દિલ્હીથી પણ એક ખાનગી દૂત એક ધારાસભ્યને લઈ તેમને મળવા વસંત વગડે પહોંચ્યા હતા. આ પછી કોંગ્રેસના પણ કેટલાક ધારાસભ્યો અને આગેવાનો પહોંચ્યા હોવાના અહેવાલોએ પાટનગરના રાજકીય પ્રવાહોને વધુ ઉત્તેજીત બનાવ્યા છે.

પાંચ દાયકા સુધી ગુજરાતના રાજકારણને અને ગુજરાતના ગામેગામને ઘમરોળી બાપુએ આજે તેમના કહેવાતા જન્મદિવસની ઉજવણી મહાત્મા મંદિરમાં કરવાની જાહેરાત કરી છે.

એક સુત્ર, એક વિચાર અને એક નેતૃત્વની વિચારધારા ધરાવતા બાપુના ભાજપમાં મનદુ:ખનો પ્રારંભ તો ૧૯૯૦માં થયો હતો. આ પછી ૯૫માં તે વધ્યો હતો જે ખજુરાહો પ્રકરણમાં પરિણમ્યો હતો.

કોંગ્રેસમાં પણ તેમના મનદુ:ખનો પ્રારંભ તો ગોધરામાં કોંગ્રેસના ઉમેદવાર તરીકે થયેલા પરાજયથી શરૂ થયો હતો અને આ પછી તો સાબરકાંઠા બેઠક પર પણ તેમનો પરાજય થાય તેવા પ્રયાસોથી તેમની લાગણી એકદમ તીવ્ર રીતે ઘવાઈ હતી.

જિદ્દી સ્વભાવ ધરાવતા બાપુએ આમ તો રાજકારણના અનેક ઝેર પચાવ્યા છે અને એટલે જ તેમનુ નામ શંકરસિંહ યથાર્થ હોવાનું તેમના સમર્થકો કહી રહ્યા છે.

બાપુનો એક સ્વભાવ રહ્યો છે કે તેમને જે કાંઈ કર્યુ છે તે હંમેશા તમામની સામે અને જગજાહેર કર્યુ છે અને જે કંઈ કરશે તે પણ જગ જાહેર જ હોય તેવા આગ્રહ સાથે આ સમસંવેદના સંમેલન યોજવામાં આવ્યુ હોવાની વાતો તેમના સમર્થકો કરી રહ્યા છે.

આર.એસ.એસ.ના વિચારોને વળગી જનસંઘી બન્યા અને પોતાના આયખાને લોકપયોગી બનવામાં સમર્પિત થનાર તેમણે પહેલાં જનસંઘ, બીજેપી, પછી રાજપા અને હાલ કોંગ્રેસ પાર્ટી માટે વર્ચસ્વ વગર લડી લેવાની ટેવવાળા બાપુએ ક્યારેય પોતાની પાર્ટી કે જેની સાથે તેઓ જગજાહેર જોડાયા હોય તેની સાથે ક્યારેય 'બેઈમાની' કરી હોય એવો એક પણ દાખલો નથી... એ તેમની આગવી ઓળખની નિશાની ગુજરાતના રાજકીય જીવનની રહી છે.

બાપુના ૨૪મીએ યોજેલા સંમેલન પછી ગાંધીનગરમાં આ બીજા સંમેલનની ઘોષણાને તેઓ 'શક્તિપ્રદર્શન' નથી કરી રહ્યા તેવી સ્પષ્ટતા પત્રકાર પરિષદમાં કરી હતી અને જણાવ્યું હતું કે આ દિવસે બસ તેઓ બધાને મળશે અને પછી તેઓ એક સંદેશ ગુજરાતની સાહસિક પ્રજાને આપશે.

આ સંદેશ શુ હશે તેને લઈ પત્રકારોએ ઘણુ ઘણુ ફેરવીને પુછ્યુ તો તેમણે કહ્યું કે તમે બધા પરિવાર સાથે આવજો. આ સંમેલનમાં તેઓ વિપક્ષના તમામ સભ્યોને પણ હાજર રહેવા માટે નિમંત્રણનો પત્ર લખવાના છે.

પાટનગરના રાજકીય વર્તુળોમાં અનેક તર્ક

● અનુસંધાન પાન-૭ પર



પ્રાકૃતિક વૈભવ - ધરણા, રેલી, સભા, સરઘસથી ઓળખાતા ગાંધીનગરની આ અણમોલ તસવીર હૃદયમાં સંઘરી રાખવા જેવી છે... ગાંધીનગરમાં રાજકીય આગેવાનો છે એના કરતા વધુ મોર છે... સચિવાલયના છ-માર્ગ પરના ખૂણે વિધાનસભા સંકુલમાં પ્રવેશ કરીએ એ પહેલા મોરના ટહુકા સાંભળવાનો લ્હાવો હોય છે... જો કે એના માટે ધ્યાન પણ જોઈએ અને પ્રેમ પણ.... ગાંધીનગરનો પ્રાકૃતિક વૈભવ નગરની મૂડી છે...

# મનપાના ચાર કાઉન્સીલરોએ વિવાદાસ્પદ પત્ર લખ્યો

**૬ કર્મચારીઓને છુટા કરવા અને બે સામે ખાતાકીય તપાસની માંગ કરતો પત્ર લખતાં પુનઃ વિવાદ**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગરપાલિકામાં આઉટ સોર્સિંગના ૬ કર્મયોગીઓને ફરજમુક્ત કરવા તેમજ બે કર્મચારીઓ સામે ખાતાકીય તપાસ નીમવાની માંગ સાથે આ કર્મચારીઓની બદલી કરવાની માંગ ૪ કાઉન્સીલરોએ પત્ર લખીને કરતાં પુનઃ મનપામાં વિવાદ ઉભો થવા પામ્યો છે.

ગાંધીનગર મનપામાં કર્મચારીઓને લઈ કરાયેલ વિવાદ માંડ માંડ શમ્યો છે ત્યાં પુનઃ

● અનુસંધાન પાન-૭ પર

# કોન્ટ્રાકટરોની હડતાલને પગલે મનપાના વિકાસ કામો પણ અટવાયા

ગાંધીનગર, તા.૧૮

કન્સ્ટ્રકશનના કોન્ટ્રાકટરો દ્વારા જીએસટીના વિરોધમાં હડતાલ પર જવાના નિર્ણયને પગલે ગાંધીનગર મહાનગરપાલિકામાં પણ વિકાસના કામો જે ચાલી રહ્યા છે તે ઠપ્પ થઈ જવા પામ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ મનપાની જુદી જુદી ૧૦ જેટલી સાઈટો પર વિકાસ કામો ચાલતા હતા. જેમાં રંગમંચોના રિનોવેશન તેમજ ગ્રામ્ય વિસ્તારમાં માર્ગોના કામો સહિતના કામોનો સમાવેશ થાય છે.

આ કામો બંધ થતાં ૩૦૦થી વધુ શ્રમિકોના જનજીવન પર અસર પડી છે. તંત્રએ પણ આ કામો ઠપ્પ થતાં આર્થિક નુકશાન સહન કરવાનો વખત આવશે. રંગમંચોનું રિનોવેશન અટકી જતાં શહેરમાં તેની ફાળવણી વિવિધ હેતુ માટે કરવામાં આવતી

● અનુસંધાન પાન-૭ પર

# આર ટી ઓ માં જુની સિરીઝના ૫૦૦ નંબરો હજુ સુધી વાહન પર લાગ્યા નથી

**જુની સિરીઝના બાકી નંબરોની હરાજી ગુરુવારે કરવામાં આવશે : મહીનાના પ્રથમ અને ત્રીજા શનિવારે પણ હરાજી કરાશે**

ગાંધીનગર તા ૧૮

આર ટી ઓ કચેરીમાં હવેથી દર ૧૫ દિવસે જુના બાકી રહેતા નંબરોની હરાજી કરવામાં આવશે. જુની સીરીઝના નંબરોની હરાજીના અંતે હજુ પણ ગોલ્ડન તેમજ સિલ્વર કેટેગરીના ૫૦૦ જેટલા નંબરો બાકી છે. ત્યારે આ નંબરોની ફાળવણી માટે આગામી ગુરુવારે પણ હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. આ મામલે આર ટી ઓ તંત્ર દ્વારા વાહનોના ડિલરોને પણ જાણ કરવામાં આવી છે.

આર ટી ઓ દ્વારા વાહનોમાં પસંદગીના નંબરો માટે વિવિધ કેટેગરી મુજબ હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવે છે. પસંદગીના નંબરોની ફાળવણી માટે તંત્ર દ્વારા હરાજીના અંતે ફાળવણી કરવામાં આવે છે. નવી સીરીઝને અનુલક્ષી જેમાં ગોલ્ડન અને સિલ્વર નંબરોની હરાજી કરવામાં આવે છે. જયારે હરાજીની પ્રક્રીયાના અંતે આર ટી ઓ તંત્રને વિશેષ આવક પણ થાય છે. આર ટી ઓ કચેરી દ્વારા અત્યારસુધી હાથ ધરાયેલી હરાજીની પ્રક્રીયાના અંતે કેટલીક સિરીઝમાં પસંદગીના નંબરો હજુ પણ બાકી રહી ગયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# કલા મહાકુંભ માટે રજીસ્ટ્રેશનની મુદતમાં વધારો કરવા નિર્ણય

**જિલ્લામાં માત્ર ૨૩૦૦ સ્પર્ધકોનું જ રજીસ્ટ્રેશન થયુ ૨૯મી જુલાઈથી તાલુકાકક્ષાની સ્પર્ધાઓ યોજાશે**

ગાંધીનગર, તા. ૧૮

કલા મહાકુંભમાં રજીસ્ટ્રેશનને મળેલા નબળા પ્રતિસાદને ધ્યાને રાખી તેમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન કરાવવાની મુદતમાં સાત દિવસનો સમયગાળો લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

અગાઉ કરાયેલ જાહેરાત મુજબ ૧૭મીએ આ અંગે રજીસ્ટ્રેશનની મુદત પૂર્ણ થતી હતી. જિલ્લામાં ૨૩૦૦ જેટલી જ અરજીઓ મળી હતી. રાજ્યના અન્ય જિલ્લાઓમાં પણ નબળો પ્રતિસાદ મળ્યો હોવાની બાબતને ધ્યાને લઈ તાત્કાલિક સાત દિવસની મુદતનો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે તાલુકા કક્ષાએ ત્રણ વિભાગોમાં ૧૧ જેટલી સ્પર્ધા અને જિલ્લાકક્ષાએ નવ જેટલી સ્પર્ધાઓ આ કલા મહાકુંભમાં યોજવાની હતી. આમાં વિજેતા બનેલા કલાવૃંદો અને કલાકારો પ્રદેશ અને પ્રદેશ કક્ષાના વિજેતાઓ રાજ્યકક્ષાએ તેમની કૃતિ અને કલાનું પ્રદર્શન કરી સ્પર્ધઆમાં ઉતરવાના હતા.

મુદત વધારવામાં આવ્યા બાદ હવે તાલુકા કક્ષાની સ્પર્ધા ૨૯મીથી શરૂ થશે અને જ્યારે જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ ૫ ઓગષ્ટ પછી યોજવામાં આવશે. હાલ તો તંત્ર દ્વારા આ મહાકુંભમાં વધુને વધુ રજીસ્ટ્રેશન થાય તેમજ તાલુકા કક્ષા અને જિલ્લાકક્ષાની સ્પર્ધાઓના આયોજન પર ધ્યાન કેન્દ્રીત કરેલ છે.

# ટોરન્ટ પાવરની મનમાનીથી શહેરના ઉદ્યોગકારોને લાખોનુ નુકશાન

**સે-૨૮ જી આઇ ડી સીમાં જાણ કર્યા વિના વિજપ્રવાહ ડુલ કરી દેવાતા : ઉદ્યોગકારો આગબબુલા : એન્જિનિયરીંગ એસ્ટેટ આર્થિક નુકશાન વસુલવાના મુડમાં**

ગાંધીનગર તા ૧૮

ટોરેન્ટ પાવર દ્વારા સે-૨૮ જી આઈ ડી સી એન્જિનિયરીંગ



એસ્ટેટમાં ઉદ્યોગકારોને જાણ કર્યા વિના વિજ પુરવઠો ડુલ કરી દેવાતા ઉદ્યાગોને લાખોનુ નુકશાન થયુ હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. ટોરેન્ટની આ હરકતના લીધે કારીગરોને પણ ઘરે મોકલી દેવાની ફરજ પડી હતી. જયારે વિવિધ ઉત્પાદનો પર વિપરિત અસર થતા ઉદ્યોગકારોને મોટુ આર્થિક નુકશાન વેઠવાનો વારો આવ્યો હોવાના મામલે આગ બબુલા બનેલા ઉદ્યોગકારો હવે વસુલીના મુડમાં છે.

સે-૨૮ જી આઈ ડી સી એન્જિનિયરીંગ એસ્ટેટના પ્રમુખ શૈલેશ પટેલના જણાંવ્યા મુજબ જી આઈ ડી સી ના એન્જિનિયરીંગ એસ્ટેટમાં ડી પી બદલવાની મેઈન્ટેન્સની કામગીરી અન્વયે ટોરેન્ટ પાવર દ્વારા અચાનક જ વિજ પુરવઠો ડુલ કરી દેવાયો હતો. જયારે આ મામલે સ્થાનિક ઉદ્યોગકારોને જાણ કરવામાં આવી ન હતી. અલબત્ત વિજ પુરવઠો બંધ કરવાના ૨૦ મિનિટ પુર્વે મોબાઈલ મેસેજથી ઔપચારીકતા દાખવનારી ટોરેન્ટ પાવરની હરકતથી ઉદ્યોગકારોએ મુશ્કેલીમાં મુકાવાનો વારો આવ્યો હતો. જી આઈ ડી સી એસ્ટેટમાં અંદાજિત ૨૫ ફેકટરીઓમાં કામ કરતા કારીગરોને ઘરે પરત જવાનો વારો આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# ઘ-૨ અપના બજાર પાસેના સર્વિસ માર્ગ પર રોજ ટ્રાફિકજામના દ્રશ્યો

**નવા કોર્મશિયલ કોમ્પલેક્ષો અસ્તિત્વમાં આવ્યા બાદ ટ્રાફિકનો સિનારીયો બદલાયો : પાર્કીંગ પ્લેસ પર દબાણો : સાંકડા સર્વિસ માર્ગ પર આડેધડ પાર્કીંગ**

ગાંધીનગર તા ૧૮

શહેરના ઘ-૨ વિસ્તારમાં નવા કોર્મશિયલ કોમ્લેક્ષો અસ્તિત્વમાં આવ્યા બાદ સર્વિસ માર્ગ પર ધમધમાટ વધ્યો છે. સ્પર્ધાત્મક શિક્ષણના વર્ગો પણ આ ઠેકાણે વિશેષ પ્રમાણમાં ધમધમી રહયા છે. ત્યારે આસપાસના વિસ્તારમાં પાર્કીંગ સહીતના ટ્રાફિકને લગતી અનેક સમસ્યાઓ ઉદભવી છે. દબાણોના લીધે પાર્કીંગ સુવિધા પણ પર્યાપ્ત નથી. સર્વિસ રોડ પર રોજબરોજ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. પાર્કીંગ સેન્સના અભાવ વચ્ચે ટ્રાફિકની સમસ્યા પણ જટીલ બની છે.નવા શોપિંગ સેન્ટરને ધ્યાને લઈ આસપાસના વિસ્તારોમાંથી દબાણો દુર કરી સાંકડા સર્વિસ રોડને પણ અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઈ હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

શહેરમાં વાહનોની સંખ્યા વધતા મેગાસીટીની જેમ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયેલા જોવા મળે છે. જેમાં ખાસ કરીને પીક અવર્સ દરમિયાન

● અનુસંધાન પાન-૭ પર

# વન વિભાગ દ્વારા વરસાદી દિવસોમાં જિલ્લામાં ૬.૯૦ લાખ રોપાઓનુ વાવેતર

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગર જિલ્લામાં ચોમાસા દરમિયાન ૬.૯૦ લાખ રોપાઓની વાવણી કરવામાં આવી છે. વન વિભાગ દ્વારા જિલ્લામાં હરિયાળી નિખારવા માટે વિશેષ પ્રમાણમાં વૃક્ષો ઉછેરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે શહેરી વિસ્તારમાં પણ આયોજન મુજબ વિવિધ માર્ગોના કલરકોડને ધ્યાને લઈ રોપાઓની વાવણી કરવામાં આવી છે. આ ઉપરાંત ૨૧.૭૫ લાખ રોપાઓનુ વિતરણ કરાયુ છે.

વન વિભાગ દ્વારા ગાંધીનગર જિલ્લામાં હરિયાળીને વધુ નિખારવા માટે ૬.૯૦ લાખ રોપાઓની વાવણી કરવામાં આવી છે. જયારે થોડા લાખોની સંખ્યામાં રોપાઓ ઉછેરવા સહીત ૨૧.૭૫ લાખ રોપાઓનુ વિતરણ કરાયુ છે. વધુમાં શહેરી વિસ્તારમાં પણ ૧૦ હજાર જેટલા

**૨.૭૫ લાખ રોપાઓનુ વિતરણ પણ કરાયુ : શહેરી વિસ્તારમાં પણ ૭ હજાર મુર્ઝાયેલા રોપાના સ્થાને નવા વાવણી કરાયા**

સમય અગાઉ બીટ ગાર્ડની ભરતી પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવાઈ છે. જેના લીધે રોપા ઉછેર સહીત જાળવણીની પ્રક્રીયા વધુ સરળ બનશે. જિલ્લામાં રોપાઓની વાવણી કરવામાં આવી છે. અગાઉ રોપાઓની વાવણી માટે ખાલી જગ્યાનો સર્વે હાથ ધરાયો

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેકટર-૨૧, ગાંધીનગર.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com